ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**વરસાદી હાઇકુ**

ક્લાંત સૂર્ય,
મેઘાના બાથરૂમે
લેતો શાવર !

નભનું ભીનું
મ્હોં લૂછતી ધરા,
લીલા પાલવે.

મૌન-વાણીનું
અજબ સમન્વય,
વન - ઝરણું !

ધોળું સસલું
રમે આંગણે, જેમ -
સૂર્ય વાદળે !

- કુમાર જિનેશ શાહ

### પાથેય

- રમેશ ઠક્કર

## પૃથ્વીની આ વિશાળતા...

પ્રવાસનની પરિભાષામાં સનસેટ જોવાનો રોમાંચ સહેલાણીઓને હોય છે..પરંતુ સનરાઈઝનું સૌંદર્ય કેમ અવગણવામાં આવતું હશે એનું મને આશ્ચર્ય છે ! થોડાક દિવસો પહેલાં રતનમહાલની પહાડીઓ પાછળથી સરકી જતા સૂર્યને જોયો હતો..અદ્ભુત ડૂબકી હતી એ..! હળવેથી માતાની ગોદમાં કોઈ શિશુને મૂકી દેવામાં આવે એમ જ લાલાશથી લદબદતા આદિત્યને જાણે કોઈ ક્ષિતીજોને સોંપી રહ્યું હતું..જગતમાં વિલાઈ જવાની ઘટનાઓ અનેક બનતી હશે પણ સનસેટ જેવી હસ્તાંતરણની ઘટના દુર્લભ છે !

આમ જોઈએ તો આપણે ઉગતા સૂર્યને પૂજવાવાળા લોકો છીએ..તો પણ આપણે રોમાંચિત થઈએ છીએ આથમતા સૂરજને જોઈને ! આ કેવો વિરોધાભાસ ? કદાચ આવા વિરોધાભાસો એ જ માણસના મનનો સૌથી મોટો અચંબો છે..એમ તો એકવાર માધવપુર ઘેડના દરિયાકાંઠે આથમતા કિરણોના તેજલિસોટાનો તરબતર વૈભવ અરબ સાગરના વિસ્તિર્ણ દેહ ઉપર છવાઈ જતો જોયો હતો..એથી અલગ પણ તોય જાણે અડોઅડ આથમતા સૂર્યને દરિયાઈ વૈભવમાં ગરકી જવાનું દ્રશ્ય આંદામાનની એક સાંજે જોયું હતું !

આથમતા આભની એક ગહેરાઈ હોય છે..આપણે ઠાવકા માણસો છીએ એટલે કદાચ આપણને એ ઘટના વધારે ગમે છે..એટલે જ કદાચ આપણે સૂર્યના ઉદયને એટલી સહજતાથી માણી શકતા નથી.ઉગતા સૂરજને નીરખવા નટખટ નયન જોઈએ..બાળક જેવું કુતુહલ ખિસ્સામાં જોઈએ..હાથમાં હરખ હોવો જોઈએ..સૂરજ બધે ઉગે છે,પણ સૂર્યોદય એ આગવી ઘટના છે..માણસ સનસેટ અને સનરાઈઝ બંને થકી સરખો રોમાંચિત થશે ત્યારે જ એ સાચો પ્રવાસી બની શકશે એવું મારું તારણ છે !

ઉગવાનો ઉઘાડ કે આથમવાનો અવસાદ કે વિસ્તારવાનો વિખવાદ એ આપણી જીવનલીલા છે..કુદરતમાં આવા ભેદભરમ નથી..ત્યાં તો નર્યો સંવાદ છે..સહચાર છે..શાંત કોલાહલ છે..પ્રકૃતિનો જ અંશ હોવા છતાં આપણે કેટલા અલગ છીએ ? પાની બીચ મીન પ્યાસી ! આપણે કદાચ આપણી જ જાળમાં જંજાળ બની ગયેલા જન છીએ! માણસની આવી અવળચંડાઈ એ પણ મોટું વિસ્મય છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# દિલ્હી હોય કે કોલકત્તા : કાગડા બધે જ કાળા

**તંત્રીસ્થાનેથી...**

એક એ પણ સમય હતો કે કોંગ્રેસના નામે પથરા તરતા હતા. પછી રામને માઠું લાગ્યું એટલે એમણે અડવાણીને ઊંઘમાંથી જગાડ્યા. સોમનાથથી અયોધ્યા સુધી રથયાત્રા નીકળી. હિંદુત્વનું પ્રબળ મોજું શરૂ થઈ ગયું. આજે અડવાણીની હાલત તો તાજમહેલને એકી ટશે ટીકી રહેલા શાહજહાં જેવી છે પણ ભગવાધારીઓને લીલાલહેર થઈ ગઈ છે. એક સમયે ૧ અકબર રોડ અને ૧ સફદરજંગ રોડ પર વસવાટ કરતાં નહેરુનંદિનીની નામના સિક્કા પડતા હતા. મોરારજી દેસાઈ જેવા વરિષ્ઠ અને અણિશુદ્ધ ગાંધીવાદી કોંગ્રેસ છોડીને જનસંઘ જેવી વિરોધી વિચારસરણી ધરાવતી પાર્ટી સાથે અને લોહિયાના પગલે ચાલતા સમાજવાદીઓ તથા કુલાક (= મોટા ખેડૂતો) મસીહા ચરણસિંહ સાથે નીચી મૂંડીએ સમાધાન સાધવું પડ્યું હતું. પ્રિયદર્શિનીએ ત્રણ બુઢ્ઢાઓ - મોરારજી દેસાઈ, ચરણસિંહ અને જગજીવનરામની સરકારને અઢી વર્ષના અડધે રસ્તે જમીનદોસ્ત કરી હતી. એમણે જે નવી, થનગનતી કોંગ્રેસ સર્જી હતી. (જેમાં ગાંધીજીનું સ્થાન ઈંદિરા ગાંધીએ લઈ લીધું હતું.) એવા યુવા નેતા તરીકે જે કેટલાક અગ્રણીઓ ઊપસી આવ્યા એમાં એક હતા અહમદ મહમદ પટેલ. આ ભરૂચી મુસલમાન માધવસિંહ સોલંકી જેવા ઈંદિરા ગાંધીના પરમ ભક્તને પણ કાળક્રમે ભારે પડ્યો હતો. અહમદ પટેલની જ રાજકીય ટોકળીમાં એક સમયના પ્રખર કોંગ્રેસી નેતા ગંગારામ રાવળના સુપુત્ર નરેશ રાવળ અને શક્તિસિંહ ગોહીલ જેવા દેખાવડા છતાં ઠામઠેકાણું અર્થાત્ 'વોટબેઝ' નહીં ધરાવતા યુવા નેતાઓ લાઈટમાં આવ્યા હતા. યોગેન્દ્ર મકવાણા જેવા આખોબોલા દલિત નેતાને દિલ્હીનું રાજકારણ છોડાવવા માટે કાવતરાં શરૂ થયાં અને રાજુ પરમાર નામના અજાણ્યા કાર્યકર્તાનો સિતારો રાતોરાત ચમક્યો. ચમક્યો તો એવો ચમક્યો કે રાજયસભામાં વારંવાર ચૂંટાયા રહ્યા. અહમદ પટેલ ના આ વફાદાર સાથીઓ - નરેશ રાવળ અને રાજુ પરમાર બીજા કેટલાક કહેવાતા નેતાઓ સાથે કોંગ્રેસના નબળા સુકાની રાહુલ ગાંધી - સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીની ડૂબતી નાવમાંથી સલામત રીતે છલાંગ મારીને મોદી-શાહના ખોળામાં બેસી જવાના છે. એમને અભિનંદન અને શુભેચ્છાઓ સાથે જ 'કોંગ્રેસયુક્ત' ભાજપ બનાવી દેવા બદલ નામદાર ભાઉસાહેબને પણ સલામ. આખા દેશમાંથી કોંગ્રેસ અને પ્રાદેશિક પાર્ટીઓનું નિકંદન કાઢવા કૃતસંકલ્પ બનેલા મહાન તપસ્વીએ રવીન્દ્રનાથ ઠાકુર જેવડી દાઢી વધારી અને એમના સરસેનાપતિ અમિત શાહે પશ્ચિમ બંગાળમાં ધૂણી ધખાવીને ધામા નાખ્યા છતાં મહિલા મુખ્યમંત્રીના પેટનું પાણી ન હલાવી શક્યા. એટલે હાથ વગાં હથિયાર - જેમણે તેઓ સ્વતંત્ર તપાસ એજન્સીઓ કહે છે - ઈડી - સીબીઆઈ - ઈન્કમટેક્સ વગેરેને રીતસરનો પ્રોજેક્ટ સોંપાયો હોય એવું નથી લાગતું. હશે, ચોરી તો કયો નેતા નથી કરતો ? પણ ઈડી સોનિયા - રાહુલ અને ખડગેતી લઈ સંજત રાઉત સામે તપાસ માંડે છે, મમતાના મિનિસ્ટરને જેલમાં નાખે છે. કોઈ ભાજપનો નેતા ઈડીની નજરે નથી ચડતો. એટલે શું એ બધા ગંગાજળથી ધોયેલા છે ? લોકો બધું સમજે છે. મમતાએ ભાજપનું વેર વાળવા સીઆઈડીવાળી બંદૂક તાકી છે. એટલે પશ્ચિમ બંગાળમાં બીજેપીવાળા દોડી દોડીને ભ્રષ્ટાચારી દીદીના પગ પકડવા માંડ્યા છે. આ પગ પકડાવવાવાળી લોકશાહી છે - પછી એ દિલ્હીમાં ચાલતી હોય કે કોલકાતામાં.

આ લેખ લખાય છે ત્યારે આપણા વરિષ્ઠ ગાંધીનગર નિવાસી કવિ હરિકૃષ્ણ પાઠકનો જન્મદિવસ છે. એમનો શુભેચ્છાઓ પાઠવીએ. એ ગુજરાતી ભાષાની ખાસ ચિંતા કરતા રહ્યા છે. એમની પ્રશસ્તિમાં બે પંક્તિઓ :

હરિકૃષ્ણ જેવા બહુ નથી બચ્યા
સર્જક હવે :

ઝીણું ઝીણું કાંતી નવું નવું સુઝાડે
મીઠપથી.

# Child Psychology (બાળકોનું મનોવિજ્ઞાન) અને દાંતની સારવાર

**ભાગ :3**

મિત્રો આજના અંકમાં આપણે બાલ્યાવસ્થાનાં મનોવિજ્ઞાનના આગળના તબક્કા વિશે માહિતી મેળવીએ.

State IV (પહેલ શક્તિ / લઘુતાગ્રંથિ) ૭ વર્ષ - ૧૧ વર્ષ

આ ઉંમરના બાળકોમાં સામાજિક અને શૈક્ષણિક કૌશલ્યનો વિકાસ થઈ રહ્યો હોય. આ ઉંમરનાં બાળકોમાં દાંત હલવા સિવાય વાંકાચૂકા દાંત માટે અપ્લાયન્સ થેરાપી માટે સારવાર માટે આવતા હોય છે. આ ઉંમરનાં બાળકો તેમના સહાધ્યાયીઓથી પ્રેરિત હોય છે. બાળકો રીમૂવેબલ અપ્લાયન્સ કે ઓર્થોડોન્ટિક સારવાર કરાવવા માટે માતાપિતાને / ડૉકટરને ઈમ્પ્રેસ કરવા માટે પણ સારવાર સારી રીતે કરાવે છે. આ સિવાય આ બાળકો તેમના મિત્રો પણ સારવાર કરાવતા હોય તો તેમનાથી પ્રેરિત થાય છે.

આનાથી ઊલટું જો બાળક લઘુતાગ્રંથિથી પીડાતું હોય તો આ ઉંમરમાં પણ તે સારવાર માટે આનાકાની કરી શકે છે. અથવા સારવાર જો ચાલુ થઈ જાય તો તે પરિસ્થિતિમાં અપ્લાયન્સનું તથા મોઢાનાં સ્વાસ્થ્યનું પુરું ધ્યાન રાખવું, અથવા અપ્લાયન્સ તોડી નાખવું ઈત્યાદિ ઘટનાઓ બની શકે છે.

State V (સ્વ ઓળખ / અસ્પષ્ટતા ) ૧૧-૧૫ વર્ષ)

આ ઉંમરના બાળકો અન્ય ઉંમર કરતાં વધુ સમજદાર અને પરિપક્વ હોય છે. તેથી અન્ય નાના બાળખો કરતાં આ ઉંમરમાં શારીરિક વિકાસની સાથે સાથે હોર્મોનલ (અંત સ્રાવી) ફેરફારો થવા પણ સામાન્ય બાબત છે.




તેથી માનસિક ફેરફારો અનુભવવા પણ બહુ જ સામાન્ય છે. આ વયજૂથના કિશોરો બાળકો તથા વયસ્કો કરતાં ભિન્ન માનસિકતા ધરાવે છે.

સાથેસાથે આ ઉંમરમાં બાળકો, શૈક્ષણિક કારકિર્દી બનાવવા માટે પણ અવઢવમાં હોય છે. આ બધી બાબતો ભેગી થવાનાં લીધે બાળકમાં સ્વ-ઓળખ અંગે મુંઝવણ થવી સામાન્ય બાબત છે. કારણ કે આ ઉંમરમાં જ વાંકાચૂંકા દાંતની સારવાર માતાપિતા સામાન્ય રીતે ચાલુ કરાવતા હોય છે. આ પરિસ્થિતિમાં જો બાળકની ઈચ્છા ન હોય તો સારવાર કરાવવા માટે તો તે તેની મનોસ્થિતિ પર અસર પડે છે.

આ ઉંમરમાં દાંતની સારવાર એ ખરેખર પડકારજનક એટલા માટે છે. કારણ કે વાંકાચૂંકા દાંતની સારવાર બાળક પોતાની ઈચ્છાથી કરાવે. એ અગત્યનું છે. જે બાળખો પોતાના દેખાવને લઈને સજાગ હોય તે પોતે જ સામે ચાલીને સારવાર કરાવતા હોય છે.

આ બાબત યોગ્ય છે, કે વ્યક્તિ સ્વેચ્છાથી સારવાર કરાવે ન કે માતાપિતાને ખુશ કરવા.

આનાથી આગળની ઉંમરમાં વ્યક્તિનો વિકાસ આ જ બાલ્યાવસ્થાનાં વિભિન્ન પડાવ પર જ આધારિત છે. તેથી એ અતિ આવશ્યક છે કે માતાપિતા પોતાના બાળકના સર્વાંગી વિકાસ માટે બાળકની મનોસ્થિતિ સમજે, તેમને યોગ્ય સહકાર તથા માર્ગદર્શન આપે. જો જરૂર પડે તો કાઉન્સેલરની મદદ લેવી યોગ્ય લાગતી હોય તો તે પણ અવશ્ય લે કે જેથી કરીને બાળકને ન ફક્ત શારીરિક પોષણ કે શૈક્ષણિક કારકિર્દી બનાવવા પર પરંતુ સાથોસાથ બાળકનાં માનસિક વિકાસ, વ્યક્તિત્વના ઘડામણ માટે પણ માતાપિતા મદદરુપ થઈ શકે. તેથી ભવિષ્યમાં ત્યારે તે વયસ્ક બને ત્યારે પોતાને, પરિવારને તથા સમાજને મદદરુપ થઈ શકે.

# Team Shraddhadeep

### દિન મહિમા

- હિરોશીમા ડે
- સુષ્મા સ્વરાજની પુણ્યતિથિ, ભારતીય રાજકારણી અને સુપ્રીમ કોર્ટના વકીલ

આજનું
### ઔષધ

- પેટમાં દુઃખતું હોય તો આંકડાના પાકા પાનને ગરમ કરી પેટ પર બાંધવાથી પેટનો દુઃખાવો મટે છે

### ખડખડાટ

- શ્રાવણ મહિનો શરૂ થતાં જ પત્નીએ પૂછ્યું : હું તમારી લાંબી ઉંમર માટે કયું વ્રત કરું ?
પતિએ એકેય સેકન્ડ બગાડ્યા વગર કરી દીધું. 'મૌન વ્રત કર.. મૌન વ્રત.'

આજનું
### વોટ્સએપ

- કોઇ તમને સારું નરસું ગમે એટલું બોલે, પણ ખુદને બને એટલા શાંત રાખો.
કેમ કે તડકો ગમે એટલો આકરો હોય, છતાં એ સમુદ્ર ને નથી સૂકવી શકતો.

# સેવાયજ્ઞના મહારથીઓ : બાબા આમટે તથા ડો. પ્રકાશ આમટે

બાબા આમટેના પુત્ર ડો. પ્રકાશ આમટેએ લખેલી કેટલીક વાતો વાંચીને પણ આશ્ચર્ય તથા અનેકવાર આઘાત લાગે છે. કેવા વ્યથિત તેમજ સાધન વિહોણા લોકો આપણી આ રળીયામણી લાગતી દુનિયામાં રહે છે તેની પ્રતીતિ નજર સામે થતી હોય તેમ લાગે છે. જો કે આવી પ્રતિકૂળ સ્થિતિમાં રહેતા લોકો સાથે પણ તેમના દુઃખમાં સહભાગી થઈને રહેનારા તેમજ તેમની સેવા કરનારા બાબા આમટે તથા ડો. પ્રકાશ આમટે જેવા લોકોએ માનવજીવનને દીપાવી જાણ્યું છે. "મનુષ્યથી અદકું ન કંઈ જ" એ વાતની ફરી દ્રઢ પ્રતીતિ થાય છે. ડો. પ્રકાશે લખેલી એકાદ બે વાતો પણ વાંચીએ તો લોકોની સ્થિતિની કંપાવનારી બાબતો સામે આવે છે. ડો. પ્રકાશ લખે છે:

"અહીં આ વિસ્તારની સ્ત્રીઓને આખો દિવસ સતત કામ રહે છે. ઘરનું કામ તો ખરું જ. ઉપરાંત ત્રણેક કિલોમીટર દૂરથી પાણી લાવવાનું. આ ઉપરાંત બાળકોની સંભાળ લેવાનું કામ પણ સ્વાભાવિક રીતે જ આ મહિલાઓ કરે. આ બધા કામ આખો દિવસ સતત કરવાને કારણે સાંજે તો મહિલા એકદમ થાકી જાય. પથારીમાં પડે કે તરત જ તેમને ગાઢ ઊંઘ આવી જાય. ઠંડીથી બચવા તાપણું પણ નજીકમાં જ કરેલું હોય. એવા પ્રસંગ બને કે નાની એવી બાળકી ભાખોડીયા ભરીને કોઈ સમજ ન હોવાના કારણે તાપણાંની સાવ નજીક પહોંચી જાય. માતાને તો ગાઢ નિદ્રાને કારણે આ વાતનો અણસાર પણ આવે નહિ. બાળકી જયારે રડે તેમજ

વેદનાપૂર્ણ ચિત્કાર કરે ત્યારે માં હાંફળી ફાંફળી થઈને બાળકીને તાપણામાંથી ઉંચકી લે. આ દરમિયાન બાળકીના પગ લગભગ બળીને કોલસા જેવા થઈ ગયા હોય." આવી બાળકીની સારવાર કરવાની જવાબદારી ડો. પ્રકાશ પર આવી પડે. સાધનો મર્યાદિત છતાં તબીબના પ્રયાસ તથા કુદરતની રહેમને કારણે આવું ગંભીર ઈજા પામેલું બાળક બચી જાય તેનો ઊંડો સંતોષ ડો. પ્રકાશ અને તેમની ટીમના સભ્યો અનુભવતા હતા. ડો.પ્રકાશ તથા તેમના પત્ની ડો. મંદા આ આદિવાસી સમાજ માટે મસીહા સમાન હતા.

આવી અનેક હેરતભરી વાતો ડો. પ્રકાશ આમટેએ લખેલા પુસ્તક 'પ્રકાશવાટા'માં આલેખવામાં આવી છે. મરાઠી ભાષામાં લખાયેલા આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ સર્વાંગ સુંદર રીતે કરવાનો યશ આપણાં મર્મજ્ઞ અધ્યાપક સંજય શ્રીપાદ ભાવેને જાય છે.

ડો. પ્રકાશ આમટે બાબા આમટેના પુત્ર છે. બાબા આમટેનું નામ આપણાં માટે અજાણ્યું નથી. બાબાની સામાજિક નિસબતની ભૂમિકા જગજાહેર છે. બાબા આમટેએ કુષ્ઠરોગના રોગીઓની સારવાર માટે આખી જિંદગી ખરચી નાખી. આ રીતે તેઓ ગાંધીમાર્ગે દ્રઢતાથી ચાલ્યા. કુષ્ઠરોગના રોગીને જોઈને પ્રથમ તો તેનાથી દૂર જનાર બાબાએ અંતરાત્માના અવાજને અનુસરીને કુષ્ઠરોગીઓની સેવા-સુશ્રુષા કરવાનું પડકારરૂપ કાર્ય શરુ કર્યું.

બાબા આમટેની સંસ્થા 'આનંદવન'થી દેશ હવે અજાણ્યો નથી. મહત્વની વાત એ છે કે બાબાએ સેવાના આ કઠિન કાર્યમાં પોતાના પત્ની ઉપરાંત બાળકોને પણ જોડ્યા. સેવાની આ પરંપરાનો ઉજળો ઈતિહાસ છે. બાબાની પ્રેરણા તેમજ પ્રોત્સાહનથી જ મહારાષ્ટ્રની સરહદે આવેલા આદિવાસી વિસ્તારમાં ગાઢ જંગલ-ઝાડીઓ વચ્ચે બાબાના પુત્ર ડો. પ્રકાશ અને તેમના પત્ની ડો. મંદાએ સેવાયજ્ઞની ધૂણી ધખાવી. આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ તેમજ મહારાષ્ટ્રની સરહદે આવેલા હેમલકસા વિસ્તારમાં ડો. પ્રકાશ આમટેએ પોતાના કાર્યની શરૂઆત કરી. હેમલકસા વિસ્તાર એ ગીચ જંગલોથી ઘેરાયેલો વિસ્તાર છે. માડિયા ગોંડ જનજાતિના લોકોની ત્યાં વસ્તી છે. ઉપરાંત દ્વૈહ ઙ્ઘટ્ઠહઙ્ઘથી વિખૂટો પડેલો એવો આ દૂરનો પ્રદેશ છે. દિવસે પણ લગભગ અંધકાર જેવી સ્થિતિ રહે તેવા જંગલો છે. રસ્તા તથા વાહનોની સુવિધા લગભગ નહિવત હતી. ત્યારે પ્રકાશ ત્યાં કામ શરુ કરે છે. જંગલી પ્રાણીઓ તથા તકલીફોથી ભરેલું જીવન જીવતા લોકોની વચ્ચે રહીને જીવનના કિંમતી વર્ષો પસાર કરવાનો આ ઉપક્રમ સામાન્ય કહી શકાય તેવો નથી.




મુંબઈથી અગિયારસો કિલોમીટર દૂર આ વિસ્તારમાં સરકારની સેવાઓનું સ્તર પણ જરૂરિયાતને પહોંચી વળી શકતું નથી. પિતાના માર્ગે સેવાનો ભેખ ધારણ કરીને ડો. પ્રકાશ આગળ વધ્યા. સુખી ઘરમાં જન્મેલા ડો. પ્રકાશના પિતા બાબા આમટે કુષ્ઠરોગીઓના ઉપચાર તેમજ પુનર્વસનના કાર્યમાં વર્ષો પહેલા જોડાયા. બાબા આમટેની સેવાઓને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રતિષ્ઠા મળી. બાબાને 'મેગ્સેસે' એવોર્ડ મળ્યો. આ એવોર્ડની પ્રતિષ્ઠા એવી મોટી છે કે તેને એશિયાનો નોબેલ પુરસ્કાર ગણવામાં આવે છે. બાબાના પુત્ર ડો. પ્રકાશ તથા તેમના ડોક્ટર પત્ની મંદા પિતાના માર્ગે હેમલકસા જેવા અતિ પછાત ગણાતા વિસ્તારમાં શાળા, દવાખાનું તેમજ કામચલાઉ હોસ્પિટલ ઉભી કરે છે. ડો. પ્રકાશના આ કામ માટે તેમને પણ 'મેગ્સેસે' એવોર્ડ મળ્યો. એક જ કુટુંબમાં પિતા તથા પુત્ર બંનેને આ પ્રતિષ્ઠિત એવોર્ડ મળે તે ભાગ્યે જ બને તેવી અસાધારણ ઘટના છે.

જે લોકો આવી કઠિન સેવાના કાર્યમાં સ્વેચ્છાએ પોતાને જોડે છે તેમને અનેક વખત કપરી વ્યક્તિગત તકલીફો કે પડકારોનો સામનો કરવો પડે છે. મન દુવિધામાં પણ પડે છે, છતાં તેઓ કાંટાળો માર્ગ છોડીને જતા નથી. ડો. મંદાના નાના પુત્ર દિગંતને સેલિબ્રલ મલેરિયા થયો. જે સ્થિતિમાં તથા સંજોગોમાં રહેતા હતા ત્યાં જોઈતી સારવાર પણ મળી શકી નહિ. આ સ્થિતિએ મનમાં એક મોટી અકળામણનો અનુભવ થયો તેવી ડો. મંદાની વાત દિલ ધ્રુજાવનારી છે. ડો. મંદા આમટેએ મેગ્સેસે એવોર્ડનો સ્વીકાર કરતા કહ્યું કે મુકામ પર પહોંચવા કરતા પસંદ કરેલા માર્ગ પર ચાલવું વધારે આનંદ આપે તેવું છે. "પહોંચવું એટલે પૂર્ણવિરામ" તેમ કહીને આ દંપતી સતત ચાલતા રહેવાનો નિર્ધાર કરીને જીવ્યું છે. નવા ચીલા તેમણે ચાતર્યા છે. સેવાના ક્ષેત્રોમાં જયારે પ્રસિદ્ધિ કે પ્રતિષ્ઠાનો મોહ જાગે ત્યારે તે સેવા આત્મસંતોષ આપી શકતી નથી. બાબાના કુટુંબે આ પ્રકારના મોહ સિવાય પોતાનું કાર્ય કર્યું છે.

# હેલીનું હવાયું ખાબોચિયું !

ચોમાસું આમ તો ચારેખૂણેથી વખણાય,કવિઓ અને લેખકો તો એના ઉપર ઓળઘોળ થઈ જાય..વિરહીજનોનાં જિગર ઝગમગી જાય, ખેડૂતોનાં નયન છલકાઈ જાય, કે નાનાં ભૂલકાઓ મુગ્ધ બની ભાવવિભોર થઈ જાય..એ રીતે જોઈએ તો ચોમાસું એ સર્વજન પ્રિય ઘટના છે..એની હેલી બધાને ગમે,નદીઓ અને ઉભરાતાં તળાવ સહુ કોઈને આકર્ષી જાય..લોકોને ના ગમે ખાડાઓ કે ખાબોચિયું ! ચોમાસાની બધી જ અદાઓ ઉપર માણસ આફ્રિન હોય પરંતુ કોણ જાણે કેમ ખાબોચિયું કોઈને ગમતું હોય એવું બનતું નથી..! આપણે જાણેઅજાણે ખાબોચિયાને છીછરાપણા સાથે જોડી દીધું છે..હકિકત એ છે કે એ પણ વરસાદનો એક આયામ છે. પ્રત્યેક ખાબોચિયાને પોતપોતાનું આકાશ હોય છે..એના અવનવા રંગો હોય છે. એનોય મલકાટ હોય છે..ખાબોચિયાંની એક આગવી દુનિયા હોય છે..

એક રીતે જોઈએ તો ખાબોચિયું કેવળ વરસાદનું વારસદાર જ નથી.ચોમાસા સિવાયના દિવસોમાં પણ જગતમાં અવનવાં ખાબોચિયાં આકાર પામતાં હોય છે... આમ છતાં આપણે તો ચોમાસાને જ એના માટે જવાબદાર ગણતા રહીએ છીએ.એનું એક કારણ એ કે આપણી દ્રષ્ટિ સિમિત હોય છે..જેમ માણસ માટેના જનરલ અભિપ્રાયો જડબેસલાક હોય છે એવું જ આપણે એકલદોકલ ખાબોચિયા માટે પણ કરતા રહીએ છીએ..આપણે એ ભુલી જઈએ છીએ કે દરેક ખાબોચિયું પોતાની અલગ ઓળખ સાથે જગતમાં અવતરતું હોય છે.એ ખરૂં કે જ્યાં પાણી ત્યાં એનું હોવું અનિવાર્ય હોય છે... પરપોટા જેવું જ એ અલ્પાયુ હોઈ શકે આમછતાં એ સાવ એટલું ક્ષણભંગુર પણ નથી !

દુનિયા હંમેશાં મોટાં તળાવો સરોવરો અને એના વૈભવને માન આપે છે... પરંતુ એના કાંઠે કદીક આકાર લેતું નાનકડું કલાત્મક ખાબોચિયું આપણી અમિદ્રષ્ટિ પામતું નથી..નદીકાંઠાના વૈભવ ઉપર તો કવિઓ અને લેખકો અમથેઅમથા ઓળઘોળ થઈ જતા હોય છે..એની ગોદમાં અને અને ઘણીવાર તો અડોઅડ પનપતું એકાદ અલ્લડ ખાબોચિયું કોઈના આલેખનનો હિસ્સો બનતું નથી..સમંદર કથાઓથી લથબથ થતા આપણે એના વિશાળ કાંઠે એકલખૂણે આકાર લેતા ખાબોચિયાને અવગણતા હોઈએ છીએ.ખરેખર ખાબોચિયાથી વધીને કમનસીબ આ દુનિયામાં બીજું કોઈ નથી.આપણે સદનસીબ માણસોનાં જ ગુણગાન ગાતા રહીએ છીએ..સફળતાની ગાથાઓ ગાતા રહીએ છીએ..નિષ્ફળતા હંમેશાં નોંધાવી હોય છે..આપણને ઘણીવાર ઘટનાઓ પણ ખાબોચિયા જેવી લાગતી હોય છે..વાસ્તવમાં નાની નાની ઘટનાઓ જ જગતના મહાન બનાવો માટેનું બીજ બની જતી હોય છે એ જ રીતે ખાબોચિયું એના નાનકડા દેહમાં પણ વિશાળ સરોવરના તમામ ખૂબીઓ આત્મસાત કરી બેઠું હોય છે..હા એટલું ખરૂં કે એનામાં ઉંડાણ હોતું નથી..એટલે એ કોઈ લાગણીશીલ માણસની જેમ ઝડપથી છલકાઈ જાય છે..!

અષાઢ આ વખતે આકાશને ભીંજવતો જ રહયો..એમ જ આ વખતનો શ્રાવણ સતત ઝરમર છે..નદીનાળાં આવી ઝરમરથી છલકાતાં નથી..પણ ખાબોચિયું ખાનદાન હોય છે..નાની અમસ્તી વરસાદી લહેર એને આંદોલિત કરી નાખે છે..!એ રીતે એ હેલીનું હેવાયું ગણી શકાય..હરખપદૂડાપણું એનો સ્વભાવ છે.આજે વહેલી સવારે ઉભી સડકની એક પાર એક મદમસ્ત ખાબોચિયું મને ઝંકૃત કરી ગયું..એકાદી વરસાદી ઝાપટાથી જ એ તરબતર હતું..મને એનું આ હરખપદુડાપણું ગમી જાય છે..એના ઉત્સાહને જગત છીછરાપણું માને એ કયાંનો ન્યાય ?બધી ઉંડી લાગતી ચીજો કંઈ ગહન નથી હોતી એમ છીછરી લાગતી તમામ વાતો પણ નાખી દેવા જેવી નથી હોતી !આપણી માન્યતાઓ પણ કેવી જડબેસલાક હોય છે..? ખલીલ ધનતેજવી જેવા શાયર પજુઓ શું કહે છે..

"કહો તો માછલીની આંખમાં ડૂબકી દઈ આવું
પણ આ છીછરૂં ખાબોચિયું આપણને નહીં ફાવે..!"

મને લાગે છે કે છીછરાપણું તો માછલીની આંખમાં પણ છે તોય બદનામી તો બિચારા ખાબોચિયાની જ ! તમને થશે કે ખાબોચિયું એ મારા અનુરાગનું જબરજસ્ત કારણ હશે..મને એ એમને એમ જ ગમે છે એવું નથી પરંતુ એ વરસાદનો વારસદાર છે એવો અહોભાવ મને એના તરફ આકર્ષે છે.ખાબોચિયાને આપણે માત્ર એના બાહય ઉંડાણથી જ માપતા રહીએ છીએ..ક્યારેક નિરખીને જોઈએ તો એમાં પણ એની ક્ષમતા મુજબનું મેઘધનુષ ઉપસતું હોય છે !




આમ જોઈએ તો જગતમાં બધું સાપેક્ષ છે. હાથીને મસમોટું સરોવર પણ ખાબોચિયા જેવું લાગે જ્યારે કીડીને ટચુકડું ખાબોચિયું પણ તળાવ સમાન લાગતું હોય છે..ખાબોચિયું આપણને વાસ્તવિકતા શીખવાડે છે..જગતમાં કોઈ મોટું નથી તો કોઈ નાનું પણ નથી..એકબીજાની સાપેક્ષ સરખામણી માત્ર છે..ખાબોચિયું આપણા અહમને ઠેકાણે રાખે છે..!એ રીતે જો તમે એના અસ્તિત્વને અનુભવો તો એક નવી અનુભૂતિ અવશ્ય તમારા અંતરમનને આકર્ષી જશે..!

આપણે હંમેશાં મોટા જમ્પ કે ઉંચા ભૂસકા મારવામાં રોમાંચ અનુભવીએ છીએ..જીવનમાં છબછબિયાં એ જ આમ તો સાચું સુખ છે..એ આપણને ભલે અતૃપ્ત રાખે આમછતાં એની પણ એક મજા છે..જીવનમાં પરિતૃપ્તિ પછી શું બાકી રહે ? નાનપણમાં કામલપુર ગામની ફરતે ચોમાસી માહોલમાં પતંગિયાની માફક ઉપસતાં ખાબોચિયાં અને એમાં છબછબ કરવાની મજા આજે પણ ભુલાતી નથી..બનાસના વૈભવની વાત કરવી હોય તો ખાબોચિયાને પણ અચૂક યાદ કરવું પડે..એકધારાં અનેક ખાબોચિયાં એ ઘણીવાર નદી નો આગવો વૈભવ બની જાય છે !

એની સૌથી સારી બાબત ગણવી હોય તો કહી શકાય કે ખાબોચિયું કદી કોઈને ડૂબાડતું નથી.અને છતાં આપણા કવિઓ સાગર તરી ગયાને, ખાબોચિયામાં ડૂબી ગયા એવી કવિતાઓ જ લખ્યા કરે છે. આ હળાહળ નાઈન્સાફ છે..કવિ અનિલ ચાવડા જરીક જુદી રીતે પણ આ જ ભાવને બહેલાવે છે

"ખાબોચિયે હું જન્મ્યો,ખાબોચિયે જ સબડયો,
જન્મ્યો તળાવમાં તું,એથી ઘડે ભરાયો !"

ખાબોચિયું કારણવગર નિરાશાનું પ્રતિક બની ગયું હોય એવું મને લાગે છે..હકિકતમાં આટલા નાના કદ અને અલ્પ લાગતા આયુષ્ય વચ્ચે એની જે ખુમારી હોય છે એ જોવા જેવી છે..કોઈ સર્જક આ વાતને પકડતો નથી..ઝાંઝવાં અને ખાબોચિયાં એમને મધ ક્ષુલ્લક ઘટનાઓ હોય છે.એકાદ નવા કવિમાં મને આશાવાદ દેખાય છે.

"એવા માણસની કરો શોધ તો સદીઓ નીકળે
જેને તમે ખાબોચિયું માનો છો એ દરિયો નીકળે !"

ખરેખર તો ખાબોચિયાની ખુમારી જોનાર જ્યારે જગતમાં અવતરશે ત્યારે જ કદાચ સાચી કવિતાની શરૂઆત થઈ હશે ! આપણે તો ચોમાસું હોય કે ગમે તે ઋતુ જયાં પણ અને જયારે પણ કોઈ ખાબોચિયું જોઈએ ત્યારે એને નજરઅંદાજ કર્યા વગર એને પામવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ..ખાબોચિયું કદી કોઈને ડૂબાડતું નથી..મોટાં તળાવો સરોવર નદીઓ કે ધોધમાર લોકો ડૂબી જાય છે..આમછતાં લોકો ખાબોચિયાંમાં ડૂબી ગયાનો રંજ રાખી એવી કવિતાઓ રચતા રહે છે..આનાથી વધારે અન્યાય બીજો કયો હોઈ શકે ?